**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૩/૧૧/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૪/૧૫**

**અમદાવાદ શહેર માંથી વાહન ચોરી કરતા એક ઈસમને પકડી પાડતી ક્રાઈમબ્રાન્ચ.**

અમદાવાદ શહેરના અવાર નવાર વાહન ચોરી ના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૨૩/૧૧/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઇ શ્રી સી.બી.ચૌધરી નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે નારોલ લાંભા ભમરીયા રોડ પાસે થી મનીષ ઉર્ફે સન્ની પન્નાલાલ કોષ્ટ્રી ઉ.વ.૨૦ રહે. ૩૯૯૫/વિભાગ,૨ ઇન્દીરાનગર લાંભા તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ નાને તેના કબજાની ચોરી ની બજાજ પલ્સર મોટર સાયકલ નં નં GJ.1 NF 4289 જેની કિ.રૂ.૫૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આરોપી એ ઇસનપુર ચાર રસ્તા પાસે થી પાંચેક દીવસ પહેલા ઓટો રીક્ષા નં GJ,27 T 8181 ની ચોરી કરેલા ની કબુલાત કરેલ છે આરોપી અગાઉ અસલાલી પો.સ્ટે રીક્ષા ચોરી ના ગુના પકડાયેલ છે આરોપી ની તપાસ કરતાં નીચે મુજબના વાહન ચોરી ના ગુનાઓ શોધાયેલ છે.

1. કુષ્ણનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૨૩/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબ
2. ઇસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯૫/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ,૩૭૯ મુજબ

આમ, આરોપીની પુછપરછ દરમ્યાન એ રીતેના ઉપર મુજબના ગુનાઓ નો ભેદ શોધાયેલ છે. આરોપીની વધુ પુછપરછ કરી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી વડે બનેલ અન્ય વણશોધાયેલ ગુન્હાઓમાં આરોપીની સંડોવણી બાબતેની વધુ તપાસ તજવીજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)